

# હું ટળે... હરિ એકતા... સદૈવ રહો !

**અંતર** આકાશ નિર્મલ ભાસે
દૂર સુદૂર કોઈ વાદળી પ્રકાશ ઢાંકે
આતમ જાગ્રત થાય... મન ઢંઢોળે
પ્રભુપરમની પ્રાપ્તિના મહિમામાં ડૂબે
પ્રત્યક્ષની પ્રાપ્તિના વિચારે ચઢે
પ્રત્યક્ષ-પ્રગટ આ મળ્યા... તે સાહેબજી
તેના વિચારે આનંદ છવાઈ જાય
પરમ પ્રકાશે ઝળાંઝળાં અંતર ઝૂમી ઊઠે
અંતર સામી દૃષ્ટિ કરતાં દિવ્યતા પ્રકાશે
બહાર પણ તે જ તેજપ્રકાશ દેદીપ્યમાન
આ સૌ - સમગ્ર બ્રહ્માંડ તે જ તેજે ભરપૂર
અંતર વંદે... સમગ્ર નમે... સૌ નિર્દોષ દીસે
અંતરે વસેલો અંતર્યામી હસી ઊઠે
બે હસ્ત પ્રસારે... આવકારે... છાતીએ ચાંપે
રોમ રોમ પુલકિત... આતમ-પરમાતમ એક ભાસે
ચરણ અશ્રુબિંદુ પખાળે ને વંદી રહે
તું ને તારાં આ સૌ દિવ્ય... પરમ દિવ્ય
દેહ નથી દેહભાવ નથી કેવળ આત્મભાવ
અને પ્રભુ પરમ તેજે ભરપૂરની કેવળ અનુભૂતિ રહે.
શ્રીજીસંકલ્પે ને સ્વામીની કૃપા ઢળી તો થયું
યોગી પ્રેમે અને સાહેબજીના હેતે તે કર્યું.
હે સાહેબદાદા !
આપ અને યોગી બે હતા તો દેહભાવ પજવતો
આપ સાથે યોગીનાં અદ્વૈત મનાયાં તો પરમ તેજ ઊભરાયાં
અમને આપ યોગીરૂપ... યોગીનું આપ સ્વરૂપ તે દર્શન
સ્થિર કરો... શાશ્વત કરો... અખંડ રહો !
'હું' ટળે હરિ ઢૂંકડા... તેમાંથી
હું ટળે... હરિ એકતા તે અનુભૂતિ...
'સાહેબજી' દિવ્ય સ્વરૂપે સૌને સદૈવ રહો.

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.
૨૩.૨.૨૨, યોગી સ્મૃતિદિન, સાહેબજી પ્રાગટ્ય અનુસંધાને.